# ગણેશવાલા દરિયાકાંઠે અને મંદિરોમાં ભટકતો રહ્યો

**પોલીસ** સામે શરણાગતિ છતાં પણ પુરાવા બચાવવા મોબાઈલ ગાયબ કરી દીધો? પોલીસે ત્રણ દિવસના રિમાન્ડ મેળવ્યા

સુરતઃ ભ્રષ્ટાચારના કાદવમાં ખરડાયેલા સુરત મહાનગરપાલિકાના સસ્પેન્ડેડ કાર્યપાલક ઈજનેર વિપુલ ગણેશવાલા અને તેના વચેટિયા પરવાના ઉર્ફે ઈસ્માઈલ પઠાણના કરતૂતોના કાળા ચિઠ્ઠા હવે એક પછી એક ખુલી રહ્યા છે. 1.60 લાખ જેવો માતબર પગાર હોવા છતાં જેની ખોરાકી ખૂટતી નહોતી તેવો આ ક્લાસ-1 અધિકારી ધરપકડથી બચવા સાત દિવસ સુધી વલસાડના દરિયાકિનારે અને મંદિરોમાં ભટકતો રહ્યો, પણ આખરે પાપનો ઘડો ભરાતા એસીબીના સકંજામાં આવી ગયો છે. કોર્ટે ગણેશવાલાના 3 દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. આ કેસમાં 25 લોકોએ એસીબી સમક્ષ હાજર થઈને નિવેદન આપ્યા છે કે આ જોડી ગેરકાયદે બાંધકામોના નામે લોકોને ડરાવી-ધમકાવીને હેરાનગતિ કરતી હતી. ઇલેક્ટ્રોનિક અને DVR પુરાવાઓ અંગે પણ તપાસ ચાલુ છે, FSLમાં તેનું વિશ્લેષણ કરવામાં આવી રહ્યું છે.

## સુરતથી એસટી બસમાં વલસાડ નાસી છૂટ્યો હતો

એસીબીની ટ્રેપની ગંધ આવી જતાં વિપુલ ગણેશવાલા ધરપકડના ડરે તાત્કાલિક સુરતથી એસટી બસ પકડી વલસાડ નાસી છૂટ્યો હતો. એક ઉચ્ચ અધિકારી હોવા છતાં, કાયદાના સકંજાથી બચવા તેણે સામાન્ય મુસાફરની જેમ બસમાં સફર કરવી પડી હતી. સાત દિવસ સુધી ફરાર રહેલા ગણેશવાલાએ પોલીસથી બચવા વલસાડના દરિયાકિનારે આંટાફેરા માર્યા હતા. વલસાડથી ભાગીને તે કામરેજ પહોંચ્યો હતો, જ્યાં તેણે દાદા ભગવાનના મંદિરે દર્શન કર્યા હતા. મનમાં પાપ અને કાયદાનો ડર લઈને ભટકતા આ અધિકારીએ માનસિક શાંતિ મેળવવા અંતે ભગવાનના શરણે જવાનો પ્રયાસ કર્યો હતો.

## ACBએ રિમાન્ડ માટે રજૂ કરેલા મુખ્ય મુદ્દા

1. નાસી ગયેલા પત્રકાર પાસે રહેલી 4 લાખની રકમ હાલના આરોપીને મળી છે કે કેમ તે દિશામાં તપાસ.
2. ગુનો નોંધાયા બાદ ધરપકડ ટાળવા ભાગતા ફરતા આરોપીને કોણે આશ્રય આપ્યો તેની પૂછપરછ.
3. આરોપીએ પોતાનો મોબાઈલ રજૂ કર્યો નથી. કોલ લોગ, વોટ્સએપ ચેટ અને કોલ રેકોર્ડિંગ દ્વારા અન્ય કોની સંડોવણી છે તે તપાસવું જરૂરી છે.
4. 15 લાખની માતબર રકમમાં અન્ય કોઈ કર્મચારી કે ઉચ્ચ અધિકારીઓનો હિસ્સો છે કે કેમ તેની ઊંડાણપૂર્વક તપાસ કરવાની માંગ કરવામાં આવી છે.

વધુમાં એસીબીના પોલીસ ઇન્સ્પેક્ટર આર.કે. સોલંકીએ કોર્ટને જણાવ્યું હતું કે આરોપી તપાસમાં સહકાર આપી રહ્યો નથી અને સત્ય હકીકત છુપાવી રહ્યો હોવાથી કસ્ટડી રિમાન્ડ અનિવાર્ય છે.

## પોલીસથી બચવા સતત લોકેશન બદલતો હતો

એસીબીની ટીમો સતત તેની પાછળ હતી, પરંતુ વિપુલ સાત દિવસ સુધી સતત ચકમો આપતો રહ્યો. તે દક્ષિણ ગુજરાતના અલગ-અલગ જિલ્લાઓ અને ગ્રામ્ય વિસ્તારોમાં છુપાયો હતો. તે કોઈ એક જગ્યાએ લાંબો સમય રોકાતો નહોતો, જેથી ટ્રેસ ન થઈ શકે. જો કે, એસીબીના સકંજા અને ટેકનિકલ સર્વેલન્સને કારણે તેની પાસે ભાગવાનો કોઈ રસ્તો બચ્યો નહોતો.

# ગ્રાહક કોર્ટે રાષ્ટ્રીયકૃત બેંકને કાન પકડાવ્યા

**ATMમાંથી** રકમ નહીં નીકળવા છતાં ગ્રાહકના ખાતામાં ઉધારી દીધી હતી

સુરતઃ એટીએમમાંથી રૂપિયા નહીં નીકળવા છતા એકાઉન્ટધારકના એકાઉન્ટમાંથી રકમ ડેબિટ થયાના કેસમાં સુરત જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશન (એડિશનલ)ના પ્રમુખ આર એલ ઠક્કરે ફરિયાદીની અંશતઃ ફરિયાદ મંજૂર રાખી રાષ્ટ્રીયકૃત બેંકને ફરીયાદીને રૂ.૧૦,૦૦૦ ફરીયાદ દાખલ કર્યાની તારીખથી રકમ વસૂલ થાય ત્યાં સુધી વાર્ષિક ૯%ના સાદા વ્યાજ સહિત દિન-૩૦માં ચૂકવી આપવા હુકમ કર્યો છે. તેમજ ૨૪/૨/૨૦૧૭ પછીના પ્રત્યેક દિવસના રીઝર્વ બેન્કના પરિપત્રના આધારે પ્રત્યેક દિવસના રૂા.૧૦૦ ચૂકવવા હુકમ કર્યો છે.

ડુંભાલ, અવધૂતધામ સોસાયટીમાં રહેતાં જીતેશકુમાર મહેન્દ્રકુમાર ગાંધીએ ઉધના શુભ રેસીડન્સી પાસેનાં એસબીઆઈના એટીએમ પરથી પૈસા ઉપાડતાં પૈસા મશીનમાંથી નીકળ્યાં ન હતાં અને ફરિયાદીનાં એકાઉન્ટમાંથી રૂપિયા ૧૦૦૦૦ ડેબિટ (ઉપાડ) નો મેસેજ મળ્યો હતો. આ અંગે બેન્કને જાણ કરી ઈમેલ દ્વારા રજૂઆત કરવામાં આવી હતી, પરંતુ બેન્ક તરફથી કોઈ જ નિકાલ નહીં થતાં પોલીસમાં પણ અરજી કરવામાં આવી હતી. તેમ છતાં બેન્કે કોઈ રિસ્પોન્સ કે નોટિસનો પ્રત્યુતર પણ આપવાની તસ્દી લીધી ન હતી. જેથી ફરિયાદીએ વકીલ મારફતે ગ્રાહક કોર્ટમાં ફરિયાદ કરી હતી. આ કેસની ન્યાયિક કાર્યવાહીમાં ગ્રાહક કોર્ટે બંને પક્ષની રજૂઆત સાંભળ્યા બાદ એસબીઆઈ સામેની ફરિયાદ નામંજૂર કરી રાષ્ટ્રીયકૃત બેંક સામેની ફરિયાદ અંશતઃ મંજૂર રાખી છે.

## આગ સામે ફાયર વિભાગ હવે 'ડ્રોન'થી સજ્જ થશે

સુરતઃ સુરત શહેરમાં ગગનચુંબી રહેણાંક ઈમારતો, કોમર્શિયલ પ્રોજેક્ટ્સ અને વિશાળ ટેક્સટાઈલ માર્કેટોમાં આગ જેવી દુર્ઘટનાઓ સમયે સર્જાતા અતિશય ધુમાડા અને વિકટ પરિસ્થિતિને પહોંચી વળવા માટે સુરત મહાનગરપાલિકાએ ફાયર વિભાગને હાઈટેક બનાવવા 1.10 કરોડ રૂપિયાના ખર્ચે અત્યાધુનિક થર્મલ ઈમેજિંગ કેમેરા ધરાવતા ડ્રોન ખરીદશે. હાઈટેક કેમેરાથી સજ્જ આ ડ્રોન ઊંચાઈ પર ઉડીને ફોટો અને વિડીયો દ્વારા ગ્રાઉન્ડ પર રહેલા ઓફિસરોને વાસ્તવિક સ્થિતિની સચોટ માહિતી આપશે. ઉપરાંત સુરત પાલિકા દેશમાં પ્રથમવાર 38 હજાર લિટરની ક્ષમતા ધરાવતું વિશાળ ફાયર ટેન્કર વસાવવા જઈ રહી છે, ચાલુ વર્ષે અંદાજે 6.24 કરોડ રૂપિયાના ખર્ચે 5 હાઈટેક વોટર બાઉઝર, 30 લાખના ખર્ચે 3 કેમ્પર સાધનોની ખરીદીની પ્રક્રિયા ટૂંક સમયમાં શરૂ કરાશે.

# નવી સિવિલમાં ટીબી વિષયક સેમિનાર યોજાયો



સુરત : નવી સિવિલ હોસ્પિટલ ખાતે રેસ્પીરેટરી મેડીસીન વિભાગ અને ડિસ્ટ્રીક્ટ ટીબી સેન્ટર સુરતના સંયુક્ત ઉપક્રમે 'અપડેટ ઓન ટી.બી. ડાયગ્નોસીસ એન્ડ ટ્રીટમેન્ટ' વિષય પર સેમિનાર યોજાયો હતો. આ પ્રસંગે પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલૌતે ટી.બીના દર્દીઓ સાથે સંવેદના સાથે વર્તન કરવા અને તેઓના નિક્ષય મિત્ર બનવા અપીલ કરી હતી. આ કાર્યક્રમમાં ડૉ. સંજય કુમારે જણાવ્યુ હતું કે, ટીબી નાબુદી માટે વહેલું નિદાન અને યોગ્ય સારવાર મૂળ મંત્ર છે. આ કાર્યક્રમમાં ટીબી ચેસ્ટ વિભાગનાં વડા ડૉ.પારૂલ વડગામાં, ડિસ્ટ્રીક ટીબી ઓફિસર ડૉ.દિનેશ વસાવા, ડૉ.રોબીન પટેલ, ડૉ.ખ્યાતી શ્યામલીયા, ડૉ ગ્રોનીશ તમાકુવાલા, ડૉ.આશા ગુદારશીયા, VNSGUના રજિસ્ટ્રાર આ.સી ગઢવી, સુરત જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. અનિલ પટેલ, IMA પ્રેસિડેન્ટ ડૉ.મૂકર પેટ્રોલવાલા, રેડીયોલોજી વિભાગના હેડ ડૉ.પુર્વી દેસાઈ, નર્સિંગ એસોસિએશનના ઈકબાલ કડીવાલા તથા ફીઝીયોથેરાપી કોલેજના ઈન્ચા. પ્રિન્સીપાલ ડૉ.વિનિતા શાહ હાજર રહ્યા હતા.

# પરંપરા-હવામાનની આગાહી વચ્ચે સંયોગ, હોળી બાદ ગરમી વધશે

**3 તારીખે** હોળી પ્રગટશે અને 4 તારીખ પછી તાપમાન હવામાન વિભાગની આગાહી

**હોળી** પ્રગટ્યા બાદ હોવાની ધાર્મિક માન્યતા

### બે દિવસ સામાન્ય તાપમાન બાદ ધોમ ધખશે

હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી આગાહી મુજબ આગામી બે દિવસ તાપમાન સામાન્ય સ્તરે જ રહેશે. જોકે 4 માર્ચ બાદ તાપમાનમાં અચાનક 4થી 5 ડિગ્રી સુધીનો વધારો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. એટલે કે 4-5 માર્ચ પછી શહેરમાં ગરમીનો માહોલ ફરી એકવાર તેજ બનશે અને દિવસ દરમિયાન તડકો વધુ આકરો અનુભવાશે.

સુરતઃ સુરત શહેરમાં તાપમાનમાં હાલ ચઢાવ-ઉતાર વચ્ચે ધાર્મિક માન્યતા અને હવામાનની સ્થિતિ વચ્ચે એક રસપ્રદ સમન્વય જોવા મળી રહ્યો છે. શહેરમાં આજે મહત્તમ તાપમાન 32.2 ડિગ્રી સુધી પહોંચ્યું હતું, જ્યારે લઘુત્તમ તાપમાન 18.4 ડિગ્રી નોંધાયું હતું.

હવામાન વિભાગની આગાહી મુજબ 4-5 માર્ચ બાદ તાપમાનમાં 4થી 5 ડિગ્રીનો ઉછાળો આવી શકે છે. આ આગાહી સાથે જ ધાર્મિક માન્યતાઓ ફરી એકવાર ચર્ચામાં આવી છે. ભારતીય સંસ્કૃતિમાં હોળી માત્ર રંગોનો તહેવાર નથી, પરંતુ ઋતુ પરિવર્તનનું પ્રતિક પણ માનવામાં આવે છે. લોકમાન્યતા મુજબ શિયાળાની વિદાય અને ઉનાળાની શરૂઆત હોળીથી થાય છે. હોળી દહન પછી વાતાવરણમાં ઉષ્ણતાનો વધારો થવા લાગે છે, એવી ધારણા છે. શિવરાત્રી સુધી ઠંડક રહેતી હોય છે, પરંતુ હોળી બાદ સૂર્યપ્રકાશ વધુ પ્રખર બનતો જાય છે. આ વર્ષે 3 માર્ચે હોળી પ્રગટવાની છે અને ત્યારબાદ જ 4 માર્ચથી તાપમાનમાં નોંધપાત્ર વધારો થવાની હવામાન વિભાગે આગાહી કરી છે. એટલે ધાર્મિક માન્યતા અને વૈજ્ઞાનિક અંદાજ બંને એકબીજાને પૂરક સાબિત થતાં દેખાઈ રહ્યા છે. શહેરવાસીઓ માટે આ સંકેતરૂપ છે કે હવે ઠંડકનો માહોલ સમાપ્તીની તરફ છે અને ઉનાળાની શરૂઆત થવાની છે.

## સંક્ષિપ્ત સમાચાર

### 8મી માર્ચે મહિલા દિવસે નિમાયા દ્વારા 9મી GR-8 વિકેન્ડર મેરેથોન



સુરતઃ દર વર્ષે 8મી માર્ચ વિશ્વ મહિલા દિવસ તરીકે ઉજવાય છે. જેની ઉજવણીના ભાગ રૂપે શહેરના વિખ્યાત આઇવીએફ એક્સપર્ટ ડો. પૂજા નાડકર્ણીસિંહ અને સિનિયર એમ્બ્રિયોલોજીસ્ટ ડો. પ્રભાકરસિંહ દ્વારા નિમાયાના બેનર હેઠળ ફક્ત મહિલાઓ માટે 9મી GR-8 વિકેન્ડર મેરેથોનનું આયોજન કરાયું છે. નિમાયા દ્વારા દર વર્ષે યોજાતી આ મેરેથોનમાં સુરત, વડોદરા અને અમદાવાદ સહિત સમગ્ર રાજ્યમાંથી 2 હજારથી વધુ મહિલાઓએ ભાગ લે છે. આ મેરેથોનમાં ભાગ લેવા રજિસ્ટ્રેશનની તારીખ 5 માર્ચ છે.

### NIRC ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા હોળી નિમિત્તે જરૂરીયાતમંદોને કિટનું વિતરણ



સુરતઃ શ્રી સુરતી ક્ષત્રિય (ખત્રી) સમાજની NIRC ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા હોળી નિમિત્તે શીખંડ-પુરી-ધાણી-ચણા અને ચોખા-દાળ-તેલ-લોટ અને એવી અનેક જીવન જરૂરીયાતની વસ્તુઓ સમાજના આર્થિક રીતે નબળા કુટુંબોને વિતરણ કરવામાં આવ્યું હતું. સમાજના લોકો સારી રીતે તહેવાર ઉજવી શકે તે માટે તહેવાર આવે તે તહેવાર પ્રમાણે વસ્તુ આપવામાં આવે છે. આ વિતરણમાં પ્રમુખ ભરત આર. વાણાવાલા ઉપરાંત મંત્રી ચંદ્રકાંત ટી. જરીવાલા, ખજાનચી હેમંતભાઈ હાથીવાલા અને ટ્રસ્ટીઓ અશોકબાઈ ગોટાવાલા, વિપીનચંદ્ર લેખડીયા, પ્રદીપભાઈ જડીયા, હીતેશ વાણાવાલા, રાજેશ ઘંટીવાલા, સંજય ઘંટીવાલા સેવામાં ઉપસ્થિત રહ્યા હતા.

### શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે આજે રસિયાનો કાર્યક્રમ, મંગળવારે ડોલોત્સવ

સુરતઃ ડુમસ રોડ ઉપર આવેલ શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે રવિવાર તા.૧ માર્ચે હોળી નિમિત્તે ફુલ ફાગ રસિયાનો કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો છે. રવિવારે સાંજે ૪:૩૦ કલાકેથી શરૂ થનાર આ કાર્યક્રમમાં વૈષ્ણવાચાર્ય ગોસ્વામી વ્રજરાજકુમારજી ઉપસ્થિતીમાં સુરતનાં શ્રી યમુના મંડળ દ્વારા રસિયાની રમઝટ રમાડવામાં આવશે. હવેલી ખાતે સોમવાર તા.૨ માર્ચે સાંજે ૪:૩૦ કલાકે શ્રી યમુનાષ્ટકના પાઠ કરવામાં આવશે તેમજ સાંજે ૬:૩૦ કલાકે હોળી પ્રગટાવવામાં આવશે. મંગળવાર તા.૩ માર્ચે સવારે મંગળા દર્શન રાબેતા મુજબ એટલે કે સવારે ૭:૪૫ કલાકે થશે જ્યારે શૃંગાર અને ઉત્થાપનનાં દર્શન ભીતરમાં કરવામાં આવશે. સવારે ૧૦:૧૫ કલાકેથી બપોરે ૧ વાગ્યા સુધી હવેલી ખાતે ડોલોત્સવ ઉજવવામાં આવશે જ્યારે સાંજે ભોગ આરતી અને શયન નાણ દર્શન રાબેતા મુજબ કરવામા આવશે.

# હત્યાના આરોપીઓનો નિર્દોષ છૂટકારો

સુરત : ડિંડોલી વિસ્તારમાં હત્યાની ઘટના બની હતી. આ કેસમાં પોલીસે રમેશ ગણપત પાટીલ તથા મીનાબેન સદાનંદ મણીક પાટીલ સામે ગુનો નોંધ્યો હતો. આ કેસ ચાલી જતાં કોર્ટે બંનેને નિર્દોષ છોડી મુકવાનો હુકમ કર્યો હતો. આ કેસમાં બચાવ પક્ષે વકીલ ડોલી એસ શર્માએ દલીલો કરી હતી.

રમેશ શેટ્ટીને મીનાબેન સદાનંદ પાટીલે પોતાની દિકરીના બર્થ-ડે હોવાથી પોતાના ઘરે બોલાવેલા અને તે દરમ્યાન રમેશ બાથરૂમ પાસે પડી જતાં રમેશ ગણપત પાટીલે ગળે ટુંપો આપી તેમજ - મીનાબેન સદાનંદ પાટીલે પગ પકડી રાખી મૃત્યુ નિપજાવેલ હોવાનો આરોપ મુકવામાં આવ્યો હતો.

## પેટના દુઃખાવાથી કંટાળી પરિણીતાએ ફાંસો ખાધો

સુરતઃ મૂળ મધ્યપ્રદેશના વતની લક્ષ્મીનારાયણ કુશવાહ હાલ વરાછા લંબે હનુમાન રોડ પર આવેલી સહજાનંદ સોસાયટીમાં 21 વર્ષીય પત્ની રિંકુ સાથે રહે છે. તેના રીંકુ સાથે નવ મહિના પહેલાં જ લગ્ન થયા હતા. રીંકુને ઘણા સમયથી પેટમાં દુખાવો થતો હતો. અસહ્ય દુખાવો થતાં તે કંટાળી શુક્રવારે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો.

# સાયબરફ્રોડઃ આંતરરાજ્ય ગેંગ ઝડપાઈ

**અલથાણ** પોલીસે અજમેર અને સુરતથી 5 આરોપીને દબોચ્યા

**11 કરોડના** શંકાસ્પદ વ્યવહારો મળી આવ્યા

સુરતઃ અલથાણ પોલીસે મોટા આંતરરાજ્ય સાયબર ફ્રોડ રેકેટનો પર્દાફાશ કર્યો છે. લાલચ આપી નિર્દોષ લોકોના નામે ડમી બેંક એકાઉન્ટ ખોલાવી, તેની કિટ અને સિમ કાર્ડ અજમેર તથા દુબઈ મોકલી કરોડો રૂપિયાના ફ્રોડ કરનાર ટોળકીના પાંચ સાગરીતને પોલીસે ઝડપી પાડ્યા છે. તપાસ દરમિયાન અત્યાર સુધીમાં 35 જેટલાં બેંક એકાઉન્ટ્સમાં આશરે 11 કરોડ રૂપિયાનાં શંકાસ્પદ ટ્રાન્ઝેક્શન થયાં હોવાનું બહાર આવ્યું છે. અલથાણ પોલીસ સ્ટેશનમાં ગત તા.23મીના રોજ ઈંડાંના વેપારી આશિષકુમાર બંસલ સાથે સંપર્કમાં આવેલા હરિઓમ અને પ્રિન્સ નામ ઈસમો લાલચ આપી તેમનાં ડોક્યુમેન્ટ મેળવી તેમની જાણ બહાર કરંટ ખાતું ખોલી લાખોનું ટ્રાન્ઝેક્શન કરી દેતાં છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી. આ ગુનામાં ભાવિક ઉર્ફે પ્રિન્સ શ્રીવાસ્તવની ધરપકડ કરવામાં આવી હતી. તે કુરિયર મારફતે બેંક કિટ્સ અજમેર ખાતે બાલકિશન નામના શખ્સને મોકલતો હતો. ધરપકડ દરમિયાન પ્રિન્સની દુબઈના હેન્ડલર સાથે વાતચીત ચાલુ હતી. આ દરમિયાન હેન્ડલરે કિટ અજમેર મોકલવાનું કહેતા પોલીસે સતર્કતા વાપરી એક ડમી પાર્સલ તૈયાર કરી અજમેર મોકલ્યું હતું અને ત્યાં પાર્સલ લેવા આવેલા સુરેન્દ્ર ઉર્ફે બાલકિશન ગૌડ,ગોવિંદ સીધ્ધને રંગેહાથ ઝડપી લીધા હતા.

### પકડાયેલા આરોપીઓ

ભાવિક ઉર્ફે પ્રિન્સ પ્રદીપ શ્રીવાસ્તવ (ઉં.વ.૨૯) (ધંધો-ક્યુઆર કોડ બનાવવાનો) (રહે.,નીલકંઠ સોસાયટી, ગજેરા સ્કૂલની બાજુમાં, કતારગામ), રવિભાઇ દામજીભાઇ ગાબાણી (ઉં.વ.૪૧) (ધંધો-હીરા કારીગર) (રહે.,આઈ શ્રી ખોડિયાર કૃપા સોસાયટી, સિંગણપોર રોડ), તરુણ કાળુભાઇ રાઠોડ (ઉં.વ.૪૪) (ધંધો-કાપડનો વેપાર) (રહે.,પ્રભુનગર, સિંગણપોર રોડ), સુરેન્દ્ર ઉર્ફે બાલકિશન ઓમપ્રકાશ ગૌડ (ઉં.વ.૨૫), ગોવિંદ ઓમનાથ સીધ્ધ (ઉં.વ.૨૧) (બંને રહે.,અરાવલી હોમ્સ જનાના હોસ્પિટલ પાસે, અજમેર, રાજસ્થાન, મૂળ બિકાનેર, રાજસ્થાન)

### ઓફિસમાંથી આ ચીજો કબજે કરવામાં આવી

મોબાઈલ ફોન 21 (કિં.રૂ.3.50 લાખ)
ATM કાર્ડ 88, સીમ કાર્ડ 33
બેંક પાસબુક/ચેકબુક 44
વાઈફાઈ રાઉટર 2

### 'સાયકોલોજી ઓફ મની' 'રામાયણ'ના પુસ્તકમાં ATM કાર્ડ સંતાડતા હતા

ભાવિક ઉર્ફે પ્રિન્સ 50 હજાર સુધી કમિશન લેતો હતો
ભાવિક કરંટ ખાતાનું 15 હજાર અને સેવિંગ ખાતાનું 7 હજાર સુધીનું કમિશન લેતો હતો.

# જીવનભારતીમાં ઈજા પામેલા વિદ્યાર્થી માટે ખાસ વ્યવસ્થા



સુરતઃ શ્રી આર. ડી. ઘાએલ જીવનભારતી શાળામાં ધોરણ 12માં અભ્યાસ કરતાં વિદ્યાર્થી શુભમ સુખિયાજી ગંભીર અકસ્માતમાં ઈજાગ્રસ્ત થતાં તેના ડાબા પગમાં મલ્ટીપલ ફ્રેક્ચર થયા હતા.

તબીબો દ્વારા ઓપરેશન કરીને ત્રણ પ્લેટ મૂકવાની સલાહ આપવામાં આવી છે. આ પરિસ્થિતિ વચ્ચે પણ વિદ્યાર્થીનું શૈક્ષણિક વર્ષ બગડે નહીં અને બોર્ડની પરીક્ષા આપી શકે તે માટે વિદ્યાર્થીએ હિંમતપૂર્વક પરીક્ષા આપવા તૈયારીઓ દર્શાવી હતી. વિદ્યાર્થીની બોર્ડ પરીક્ષા જીવનભારતી શાળામાં જ હોવાથી શાળાના આચાર્ય અને વહીવટી સ્ટાફ દ્વારા માનવીય અભિગમ દાખવી વિશેષ વ્યવસ્થા ગોઠવવામાં આવી. વિદ્યાર્થી કોઈપણ પ્રકારની તકલીફ વિના પરીક્ષા ખંડ સુધી પહોંચી શકે અને આરામદાયક રીતે બેસી પરીક્ષા આપી શકે તેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.


ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

વ્યવસાયીક ધંધાકીય

**કબુતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**વુલન સ્વેટરો,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, શાલ, બ્લેન્કેટ હોલસેલ ભાવે, ખોલવડવાલા, ડબગરવાડ, સુરત.

**લાઈફ હિંચકાના કડાં,**
અમેરીકન ટેકનોલોજીથી તોડફોડ કર્યા વગર ગેરેન્ટેડ ફિટીંગ : 8460222292, 8460222282

**કેમિકલ ટેસ્ટિંગ**
શીખવું છે? મિલમાં વપરાતા કેમિકલ ના ટેસ્ટિંગ માટે સંપર્કઃ 9427519026

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

**(સાગર- 9427113317)**
ધૂળેટીમાં (સ્લીપરમાં) શાહપુરા, કરણીમાં, ખાટુશ્યામ, રામદેવરા, સાંવરિયાજી, શ્રીનાથજી,

**જયેશભાઈ-**
9106799251 9- મે, ટ્રેનમાં, મલ્લિકાર્જુન, તિરૂપતી, રામેશ્વર, કન્યાકુમારી. અધિક માસમાં, હરિદ્વાર, બદ્રીનાથ.

**પવિત્ર કૈલાશ**
માનસરોવર યાત્રા ૨૦૨૬ તિબેટીયન મહાકુંભ- Horse Year દક્ષિણ ગુજરાત કૈલાશ માનસરોવર યાત્રી મંડળ, સુરત દ્વારા આયોજીત છેલ્લા 37 વર્ષથી કાર્યરત સંસ્થા. 25 વર્ષથી યાત્રાનો સફળ અને સુખદ અનુભવ. સુરતથી સુરત પ્લેન દ્વારા સુઆયોજન સાથે, વાયા નેપાળ દિવસ- 13, પ્રથમ બેચ 28 મે (ફુલ), બીજો બેચ 20 જુન, ત્રીજો બેચ 12 જુલાઈ ચોથો બેચ 20 ઓગષ્ટ (કાઠમંડુથી બસ દ્વારા) પાસપોર્ટ જરૂરી. ભાગ્યશાળી યાત્રી સંપર્ક કરેં પી. ભરતભાઈ- 9879558244, પૂર્વિ ગજ્જર- 9712634105 રાવળ- 9375975293

**ક્ષેત્રપાળ ટૂર્સ**
(ખાટુંશ્યામજી, સાલાસર સાંવરિયા, ઉદયપુર, જયપુર 11-03) (બેંગ્લોર, પટાયા 06 દિવસ વિથ ફ્લાઈટ 23-03) (નેપાળ, અયોધ્યા, વારાણસી 23-03) ઉનાળુ વેકેશન પ્રવાસો. (સિમલા, મનાલી) (કાશ્મીર, વૈષ્ણોદેવી) (દાર્જિલિંગ, ગંગટોક) (ચારધામ, બદ્રીકેદાર) (હરિદ્વાર, ગોકુળ, મથુરા) (પાંચ જ્યોતિર્લિંગ, અષ્ટવિનાયક) સુરેશભાઈ પુરોહિત. 9825105053

નોકરી વિષયક

**પાર્ટ- ટાઈમ જોબ**
સવારે- 7 થી 2 રોડ ઉપર નાસ્તાનું કાઉન્ટર સાંભાળવાનું પગાર- 8000. 9106715389 (864)

**કાંટાતાર કંપાઉન્ડ**
કાંટાતાર કંપાઉન્ડ, રેઝર કોઇલ ફીટીંગ કરનાર, દિવાલ ઉપર ઍંગલ મારી તાર મારી આપવામાં આવશે. સંપર્કઃ 9924337821

**જોઈએ છે**
સુરતમાં નામાંકિત ફાઈનાન્સિયલ કંપની માટે તરત જોડાઈ શકે તેવા ઉત્સાહી અને ઈચ્છુક વ્યક્તિ, RS. 4,00,000 થી વધુ કમાવવાની અને કરિયર બનાવવાની સુવર્ણ તક. સંપર્ક. કાજલબેન પટેલ મોબાઈલ નંબરઃ 9714134950

**ફિઝિયોથેરાપી ક્લિનિક**
માટે લેડીઝ સ્ટાફ જોઈએ છે, પાલનપુર પાટિયા, રાંદેર રોડ, સુરત, 9104731600

**FOR RENT**
80,000/-ના માસિક ભાડામાં બેઝમેન્ટ (ગોડાઉન) ભાડે આપવાનું છે. 4000/- સ્કેવર ફીટ 2200/- કાર્પેટ ક્રોમા પાસે, પીપલોદ Con:- 9898024032 Dhaval Cyclewala

**જોઈએ છે**
સરસાણા ખાતે 10 ભણેલા ઓફીસ બોય. 2 વ્હીલર વાળાને પહેલી તક. અરજી કરો. 9898991388. (867)

**સેલ્સમેન જોઈએ છે**
(પુરુષ) એજ્યુકેશન સંસ્થામાં શૈક્ષણિક પ્રોજેક્ટનું માર્કેટિંગ કરી શકે તેવા સુરત, વાપી, વલસાડ, વડોદરા વિસ્તાર માટે અનુભવીને પ્રાથમિક્તા 9909906434

**જોઈએ છે.**
એકાઉન્ટ માટે B.Com થયેલ અનુભવી વ્યક્તિની જરૂર છે.કેપ્લોન ઈન્ડસ્ટ્રીઝ. જુની GIDC, કતારગામ. 9879009133

**સ્ટાફ જોઈએ.**
સ્કૂલ પ્રોડક્ટ્સનું વેચાણ સ્કૂલમાં જઈને કરી શકે તેવો સ્ટાફ. (ગાડી હોવી જરૂરી). 9033332299

**લેડીઝ સ્ટાફ**
જોઈએ. Indiamart હેન્ડલ કરવા માટે અનુભવી લેડીઝ સ્ટાફ જોઈએ. ઉધના, સુરત. 9909463399

**બહેનો જોઈએ છે**
ગુર્જરી જ્વેલર્સ, ડી. કે. માર્કેટ, ચૌટબજાર, મોટા મંદિર, પગાર 9500/- (સમય 10:30થી 8:00)

મિલ્કત ભાડેથી

**ઓફીસ લાયક જગ્યા**
ભાડે આપવાની છે 105, દિપકલમ કોમર્શીયલ હબ, પહેલો માળ, સરથાણા જકાતનાકા, વરાછા મેઈન રોડ, સુરત. મો. 9427181185

મિલ્કત જોઇએ છે

**જોઈએ છે**
ખેતી લાઈક જમીન 1 થી દોઢ વીઘા નવસારી સુરતની વચ્ચે મો- 9925015819

મિલ્કત લે-વેચ

**હોજીવાલા ઈન્ડસ્ટ્રીમાં**
756/ 1484/ 3612/ 7308 વિગેરેના પ્લોટ ખરીદ/ વેચાણ તથા ભાડે આપવા/ લેવા માટે સંપર્ક કરો. 8866478300, 9825141500 (118)

મિલ્કત વેચવાની છે

**પ્લોટ વેચવાનો છે**
કીમ કુરસદ, નેશનલ હાઈવે 8થી અડધો કિલોમીટર અંદર, અમૃત ઈન્ડસ્ટ્રીઝ, સ્વામીનારાયણ મંદિર પાછળ, 1550- વાર, 9427811344, 9879913894

**ભટાર રોડ**
2 BHK ફ્લેટ ફર્નિચર સાથે વેચવાનો છે. 9825088402, 9825919637

**ફ્લેટ વેચવાનો છે**
સીટી લાઈટ એરીયામાં જૂનું કન્સ્ટ્રકશન, ૧૯% કપાત (આશરે) ૨૨૦૦ sqft, ૧૮૦૦ sqft કાર્પેટ ફુલ્લી ફર્નીશ્ડ, ઈલેક્ટ્રોનિક્સ સાથે (દલાલોએ તસ્દી લેવી નહીં) Contact : ઋષભ શાહ ૯૫૮૬૫૦૭૯૬૯

**ભટાર રોડ**
ઓફિસ વેચવાની છે. વકીલ, C.A., લાયક 9104614923 (868)

**વેસુ, યુનિવર્સીટી**
નજીક મોકાની દુકાન વેચવાની છે આગમ એમ્પોરીયો 9104614923 (869)

**પ્લોટ વેચવાનો છે**
૧૭૦૦ વાર ૮૦ ફૂટ રોડ ડુમસ ૯૮૨૫૧૦૯૪૦૦

લગ્ન વિષયક

**કર્ણાવતી મેરેજ બ્યૂરો**
બાયોડેટા આપો અને પસંદગીના પાત્રો ઘરબેઠા મેળવો. યુવતીઓ માટે વિનામૂલ્યે અપેક્ષા મુજબના પાત્રો. સર્વજ્ઞાતિના લોકલ, NRI આવકાર્ય. કાન્તિભાઇ વિકાણી ( નિવૃત્ત બેંક મેનેજર) M- 9409057024

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.